GJSK040001252020

# :: અસલ હુકમનામું ::

## ઈડરના મે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજશ્રીની કોર્ટમાં, મુ.ઈડર.

**સ્પે.દિ.મુ.નં.૦૨/૨૦૨૦**

**આંક: ૪૧**

**અરજદાર:–** **પટેલ રાગીણીબેન તે સંજયકુમાર કાશીકભાઈ પટેલની સીધવા ઔરત, તથા ભીખાભાઈ ગોવાભાઈ પટેલની દિકરી, ઉ.આ.વ.૪૪,**
ધર્મે–હિન્દુ, ધંધો–નોકરી,
રહે.ઈડર, ઠે.૪૫–ગોકુલ સોસાયટી, વલાસણા રોડ, જવાનપુરા,
ઈડર, જિ.સાબરકાંઠા.
હાલ નોકરી– કાનપર, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર.

**વિ રૂ ધ્ધ.**

**સામાવાળા:–** **૧. તલાટી કમ મંત્રીશ્રી,**
જવાનપુરા પંચાયત કચેરી,
ઈડર, તા.ઈડર, જી.સાબરકાંઠા.

**૨. મામલતદારશ્રી, ઈડર, શ્રી સરકાર,**
તા.ઈડર, જી.સાબરકાંઠા.

**૩. કલેકટરશ્રી, સાબરકાંઠા,**
કલેકટર કચેરી, મુ.હિંમતનગર, જિ.સાબરકાંઠા.

## દાવો:– રૂા.૩૦૦/– ના આંકથી ડેકલેરેશન મેળવવા માટે.

**ફરીયાદ દાખલ કર્યા ની તારીખ ૨૦મી માહે જાન્યુઆરી સને ૨૦૨૦**

**ફરીયાદ ફેસલ કર્યા ની તારીખ ૨૮મી માહે ડીસેમ્બર સને ૨૦૨૧**

(૧) આ કામના વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ ડેકલેરેશન મેળવવા માટે નો રૂા.૩૦૦/– ના આંક થી કરેલ છે, જેની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારના લગ્ન સંજયકુમાર કૌશિકભાઈ પટેલ સાથે તા.૨૯/૫/૯૪ ના રોજ થયેલ અને લગ્નજીવન દરમિયાન એક સંતાન પુત્ર ''આકાશ'' છે. અરજદારના પતિ સંજયકુમાર પટેલ સી.જે.હાઈસ્કૂલ, મુ.વડાલી, જી.સાબરકાંઠા ની સ્કૂલમાં ટીચર તરીકે સેવા આપતા હતા અને અરજદાર હાલમાં કાનપર, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર ખાતે સ્કૂલમાં ટીચર તરીકે નોકરી કરેલ. વધુમાં જણાવેલ છે કે, અરજદારના પતિ સંજયકુમાર પટેલ તેઓને કે અન્ય કોઈને કહયા વગર તા.૭/૯/૧૨ ના રોજ ઘરેથી કોઈપણ કારણ વગર ચાલ્યા ગયેલ અને તેઓએ ઘરમેળે જે તે વખતે ઘણી શોધખોળ કરેલ અને તેઓના સગા–વ્હાલા, મિત્રો દોસ્તારોને ઘરે શોધખોળ કરેલ છતાં તેઓના પતિના કોઈ સામાચાર કે ભાળ મળેલ નહી. તેથી ના છુટકે તેઓએ તા.૨૨/૧૦/૧૨ ના રોજ ઈડર પોલીસ સ્ટેશને તેઓના પતિ ગુમ થયેલ છે તે અંગેની અરજી જાણવા જોગ અરજી નં.૬૪/૧૨ થી સ્ટેશન ડાયરી નં.૧૪/૧૨ થી આપેલ અને તેનો દાખલો પોલીસ ઈન્સ્પેકટર સાહેબે આપેલ કે સંજયકુમાર પટેલ તા.૭/૯/૧૨ ના રોજ ગુમ થયેલ છે અને આજદિન સુધી મળેલ નથી તેવો દાખલ પણ આપેલ છે.

(૧.૧)વધુમાં તેઓ એવુ જણાવેલ છે કે, અરજદારના પતિ તા.૭/૯/૧૨ ના રોજથી ઘરેથી કોઈને કહયા વગર ચાલ્યા ગયેલ છે અને તે વખતે તેમીન ઉંમર ૪૩ વર્ષની હતી અને આજે તેમની ઉંમર ૫૧ વર્ષની છે. અરજદારે પોલીસ રીપોર્ટ લખાવ્યા બાદ ઘરમેળે તથા પોલીસ દ્વારા તેઓના પતિને શોધવા પ્રયત્નો કરેલ છતાં આજદિન સુધી તેઓના પતિ સંજયકુમરનો કોઈ પત્તો મળેલ નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૮ તથા હિન્દુ મેરેજ એકટની કોમેન્ટ્રી પ્રમાણે જે વ્યકિત જીવીત હોય અને સાત વર્ષની જાણ ન હોય તો મરણ પામેલ છે તેવુ પ્રિઝમ્શન છે. વધુમાં અરજદારના પતિ સંજયકુમાર તા.૭/૯/૧૨ ના રોજ ગુમ થયેલ છે અને તેની પોલીસ

ફરીયાદ તા.૨૨/૧૦/૧૨ ના રોજ ઈડર પોલીસ સ્ટેશને આપેલ અને આટલા વર્ષની તપાસ દરમિયાન પોલીસ સ્ટેશન ધ્વારા દાખલો આપવામાં આવેલ તેથી સાત વર્ષ જેટલો સમય પુરો પસાર થઈ ગયેલ છે. તેઓના પતિ સંજયકુમાર તા.૭/૯/૧૨ પહેલા શ્રી સી.જે.સ્કૂલ, વડાલી, માં ટીચર તરીકે સેવા આપતા હતા અને તેમને તેમની જરૂરીયાત પ્રમાણે વીમા પોલીસી પણ ઉતરાવેલ છે. જે વીમા પોલીસીની રકમ મેળવવા તથા તે જે સ્કૂલમાં નોકરી કરતા તા તે સ્કૂલમાંથી ગ્રેજયુટી, પી.એફ., બેન્ક એકાઉન્ટ વિગેરેની રકમ મેળવવા તથા તેમના પિતા કૌશિકભાઈ પટેલે ગુમ થનાર તેમના દિકરા સંજયકુમાર પટેલનુ હયાતિમાં તેઓની સહિયારી ખેતીની જમીનમાં નામ દાખલ કરેલ જેમાં પણ અરજદારનુ વારસાઈથી નામ દાખલ કરવા વિગેરે માટે અરજદાર ગુમ થનારના કાયદેસરના પત્ની દરજજે અરજી કરવા માટે સાત વર્ષથી ગુમ થયેલ છે અને હાલ મૃત્યુ પામેલ છે તેવુ નામ.કોર્ટ તરફથી વિજ્ઞાપન મેળવવા સદર દાવો કરવાની જરૂર પડેલ છે અને દાવા અરજીના પેરા નં.૮ મુજબની દાદ માંગેલ છે.

(૨) આ કામે પ્રતિવાદીઓને દાવાની અરજીની નોટીસ/સમન્સની બજવણી થતા આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ ના ઓ હાજર થયેલ છે અને પ્રતિવાદી નં.૧ નાએ વાદીના દાવાનો લેખીત જવાબ આંક-૧૧ થી રજુ થયેલ છે. જયારે પ્રતિવાદી નં.૨ અને ૩ નાઓએ વાદીના દાવાનો લેખીત જવાબ આપેલ નથી. પરંતુ, આ કામે પ્રતિવાદી નં.૨ અને ૩ તરફે મદદનીશ જિ.સરકારી વકિલશ્રી પી.જે.સોનીએ આંક-૨૦ થી હાજર પુરસીસ અને પ્રતિવાદી નં.૧ એ જે ઉલટતપાસ કરેલ છે તે ઉલટતપાસ એડોબ કરવા માટે લેખીત પુરસીસ રજુ કરેલ છે. આ કામે અસલ દસ્તવોજોને આંક આપવા માટે આંક-૧૭ થી અરજી રજુ કરેલ છે અને તે અરજી લગતે ન્યાયોચિત ઘટતો હુકમ કરવામાં આવેલ છે. આ કામે પ્રતીવાદી પક્ષે સોગંદ પર કોઈ પુરાવો રજુ કરેલ નથી એટલે દાવાના રોજકામમા તેમનો પુરાવાનો હકક બંધ કરવામા આવેલ છે.

(૩) આ કામે **પ્રતિવાદી નંબર-૧** નાઓએ પોતાના **આંક-૧૧** ના **લેખીત જવાબમાં** વાદીના દાવાની હકીકતો નકારી વધુમાં જણાવે છે કે, અરજદાર પતિ સંજયભાઈ કંઈ કહયા વગર જતા રહેલાની બાબત તથા તપાસ કરાવેલાની બાબત તથા તા.૨૨/૧૦/૧૨ ના રોજ પોલીસ સ્ટેશને જાણ કરેલાની બાબત તથા પોલીસે દાખલો આપેલાની બાબતો વાદીએ પુરાવાથી પુરવાર કરવી જોઈએ. તે બાબતે પ્રતિવાદી નં.૧ ની જાણમાં નથી તેમજ અરજીમાં જણાવેલ બાબતો જોતાં તેમનો વિસ્તાર ઈડરનો જણાવેલ છે. તે ઈડરમાં નગરપાલિકા આવે છે. પોલીસ સ્ટેશન

ઈડર નગરપાલિકા વિસ્તારમાં છે તથા ગુમ થયેલા વ્યકિતની નોકરી વડાલીના સ્થળની છે તેમજ અન્ય રજુ દસ્તાવેજોમાં પણ ઈડર વડાલી તથા અન્ય સ્થળો જણાવેલ છે અને માત્ર રેશનકાર્ડ જવાનપુરા પંચાયતનુ રજુ કરેલ છે તેમજ વાદીના દાવા અરજીના કામે તેઓને પક્ષકાર તરીકે ખોટા જોડેલ છે. તેવુ દાવા રઅજી જોતાં જણાય આવે છે. તેમને તેઓની વિરુધ્ધ કોઈ દાદ પણ માંગેલ નથી. તેથી પ્રતિવાદીને ખોટા પક્ષકાર તરીકે જોડેલ છે. જેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા આપ નામ.કોર્ટને નમ્ર અરજ કરેલ છે.

**આ દાવો આજ રોજ શ્રી એસ.એન. ધાસુરા પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી રૂબરૂ વાદી તથા પ્રતિવાદીઓ તેમજ આ કામના વાદી તર્ફે વિધ્વાન વકીલ શ્રી ડી.બી.સુથાર તથા પ્રતિવાદી નં. ૧ તર્ફે વિ.વ.શ્રી પી.જે. મહેતા પ્રતિવાદી નંબર ૨ તથા ૩ણ તર્ફે એ.જી.પી. શ્રી પી.જે. સોની ના ની હાજરીમા આખરી નીકાલ માટે નીકળવાથી એવું ફરમાવવામા આવે છે તથા એવું હુકમનામું કરવામા આવે છે કે ,**

## :: <u>હુકમ</u> ::

(૧) વાદીની દાવા અરજી આથી મંજુર કરવામાં આવે છે.અને આથી એવુ જાહેર કરવામા આવે છે કે વાદીના દાવા અરજીમાં જે વ્યકિત ગુમ થયેલ છે તે સંજયકુમાર કૌશીકભાઈ પટેલ, ઉ.વ.આ.૫૧, રહે.ઈડર, ઠે.૪૫–ગોકુલ સોસાયટી, વલાસણા રોડ, જવાનપુરા, તા.ઈડર, જિ.સાબરકાંઠા નાઓનું સીવીલ ડેથ થયેલ છે તેવું સદર દાવાના હુકમની તારીખથી ઠરાવવામાં આવે છે અને વાદીને દાવા અરજીની દાદમાં જણાવ્યા મુજબ કાયદા મુજબ મળવાપાત્ર તમામ લાભો મેળવવા હકકદાર છે તેવુ ઠરાવવામાં આવે છે.

(૨) દાદ નં.૧ મુજબ વાદી પોતાના પતિ ગુજરી ગયેલ છે. તે બાબતે મરણનુ પ્રમાણપત્ર લાગતી વળગતી કચેરીઓમાંથી મેળવવા હકકદાર છે. તેવુ ઠરાવવામાં આવે છે અને જે તે કચેરીઓમાં વાદી અરજી કરે તો નિયમ મુજબ કાર્યવાહી કરીને વાદીના પતિ ગુજરી ગયા છે તે બાબતે મરણ પ્રમાણપત્ર મેળવી શકશે.

**(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી**

## :: ખર્ચ નો આંકડો ::

| વાદી ને થચેલ ખર્ચ | | પ્રતિવાદી નં.૧ ને થચેલ ખર્ચ | |
|---|---|---|---|
| **વિગત** | **રકમ રૂપિયા** | **વિગત** | **રકમ રૂપિયા** |
| ૧. દાવા અરજી પર નો સ્ટેમ્પ | ૧૦૦–૦૦ | વકીલ ફી | ૧૦૦–૦૦ |
| ૨. વકીલપત્ર | ૨–૦૦ | વકીલ પત્ર | ૨–૦૦ |
| ૩.વકીલ ફી | ૧૦૦–૦૦ | | |
| ૪. પ્રોસેસ બજવણી | ૦–૦૦ | | |
| કુલ | ૨૦૨–૦૦ | કુલ | ૧૦૨–૦૦ |

**આજ તારીખ ૨૮મી માહે ડીસેમ્બર સને ૨૦૨૧ નાં રોજ મારી સહી તથા કોર્ટ નો સિકકો કરી આપ્યું.**

**(સલીમઅલ્તાફ નેમતુલ્લાખાન ઘાસુરા)**
જીજે૦૦૮૯૬
પ્રિન્સિપાલ સીનચર સીવીલ જજ.
ઈડર, તા. ઈડર જીલ્લો સાબરકાંઠા.

તૈયાર કરનાર

( જે.આર. પરમાર )
આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર

(ડી.આઈ.શર્મા)
સુંપ્રિટેન્ડેન્ટ

**વાદી તર્ફે વિધ્વાન વકીલ શ્રી ડી.બી.સુથાર**
**પ્રતિવાદી નં.૧ તર્ફે વિધ્વાન વકીલ શ્રી પી.જે. મહેતા**
**પ્રતિવાદી નં.૨ તથા ૩ તર્ફે એ.જી.પી. શ્રી પી.જે. સોની**

(આ મુકદમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામા આવે છે કે તેઓ એ રજુ કરેલા દસ્તાવેજો માહે થી અપીલ નો નીકાલ થયાથી કોઈ પણ દસ્તાવેજ લઈ જવામા નહી આવે તો તે દસ્તાવેજ નાશ કરવાને પાત્ર છે.)